# માર્ચ-૨૦૦૪માં એસ.એસ.સી.ની પરીક્ષામાં સમાજવિદ્યામાં 30 % થી ઓછું પરિણામ લાવેલ વિદ્યાર્થીઓની ઉત્તરવહીનો પૃથક્કરણાત્મક અભ્યાસ

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ

નવેમ્બર - ૨૦૦૪


: સંશોધક :

ડૉ.અશોક પટેલ
એસ.યુ.જી.કોલેજ ઓફ એજ્યુકેશન
વાસણા - અમદાવાદ - ૭



પ્રેરક

ગુ.રા.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

# માર્ચ-૨૦૦૪માં એસ.એસ.સી.ની પરીક્ષામાં સમાજવિદ્યામાં 30 %થી ઓછું પરિણામ મેળવેલ વિદ્યાર્થીઓની ઉત્તરવહીનો પૃથક્કરણાત્મક અભ્યાસ

**ડૉ.અશોક પટેલ**
**અધ્યાપક, એસ.યુ.જી.કોલેજ ઑફ એજ્યુકેશન, વાસણા, અમદાવાદ-૭**
Email : patelashok101@yahoo

સારાંશ

ભારતના તમામ રાજ્યોમાં ધો.૧૦ (એસ.એસ.સી.)ની પરીક્ષા માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાય છે. ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન એસ.એસ.સી.ની લેવાયેલ પરીક્ષામાં સરાસરી ૪૯.૧૫ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા હતા. એટલેકે ૫૦.૮૫ ટકા વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં નાપાસ થયા હતા. માર્ચ-૨૦૦૪ ની એસ.એસ.સી.ની પરીક્ષામાં સમાજવિદ્યા વિષયમાં ૪૬.૧૧ ટકા વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. જે આપણા સમાજ માટે શરમજનક કહી શકાય. જેથી સમાજવિદ્યા વિષયમાં ઓછું પરિણામ આવવાના કારણો શોધવાનું ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડે નક્કી કર્યું. આ માટે સમાજવિદ્યા વિષયમાં 30 ટકાથી ઓછા ગુણ મેળવનાર વિદ્યાર્થીઓની જવાબવહી ચકાસવામાં આવી. જેના આધારે નકકી કરવામાં આવ્યું કે આ વિદ્યાર્થીઓ કેવા પ્રકારનું વિષયવસ્તુ સરળતાથી લખી શકે છે અથવા તો નથી લખી શકતા. સમાજવિદ્યામાં સમાવિષ્ટ ઇતિહાસ, ભૂગોળ, ના.શા. અને અર્થશાસ્ત્રમાંથી કયો વિભાગ તેમને અઘરો પડે છે કે સહેલો પડે છે. આ વિદ્યાર્થીઓ પોતાના જવાબો કેવી રીતે લખે છે. આ માટે ગુજરાતની ચાર યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના અધ્યક્ષ અને ૪૫ શિક્ષકોની મદદ દ્વારા સંશોધન કરાવવામાં આવ્યું. જેના તારણોને આધારે સૂચનો/ઉપાયો પણ નક્કી કરવામાં આવ્યાં. તારણો અને ઉપાયો ગુજરાતની દરેક શાળાને માધ્યમિક શિક્ષણ બોર્ડના માસિક દ્વારા ગુજરાતની તમામ શાળાઓને પહોંચાડવામાં આવ્યાં. જેથી શિક્ષકો અધ્યાપન દરમિયાન તેને ધ્યાનમાં રાખીને અધ્યાપન કરે. ઉપરાંત તેને આધારે પોતાની શૈક્ષણિક પદ્ધતિ, મૂલ્યાંકનમાં જરૂરી સુધારા વધાર કરે.

# માર્ચ-૨૦૦૪માં એસ.એસ.સી.ની પરીક્ષામાં સમાજવિદ્યામાં 30 %થી ઓછું પરિણામ મેળવેલ વિદ્યાર્થીઓની ઉત્તરવહીનો પૃથક્કરણાત્મક અભ્યાસ

**ડો.અશોક પટેલ**
**અધ્યાપક, એસ.યુ.જી.કોલેજ ઓફ એજ્યુકેશન, વાસણા, અમદાવાદ-૭**
Email : patelashok101@yahoo.co.in

**પ્રસ્તાવના :**

ગુજરાત રાજ્યમાં ધો.૧૦ (એસ.એસ.સી.) ની પરીક્ષા માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવે છે. આ પરીક્ષામાં છેલ્લા ત્રણ વર્ષમાં બેઠેલા પરીક્ષાર્થીઓની સંખ્યા અને પરિણામ નીચે પ્રમાણે છે.

| પરીક્ષા વર્ષ | બેઠેલા પરીક્ષાર્થી | ઉત્તીર્ણ પરીક્ષાર્થી | પરિણામ (ટકા) |
|---|---|---|---|
| માર્ચ-૨૦૦૨ | ૬,૩૩,૨૫૩ | ૩,૨૮,૦૯૧ | ૫૧.૮૧ |
| માર્ચ-૨૦૦૩ | ૬,૪૨,૧૧૦ | ૨,૭૫,૯૨૭ | ૪૨.૯૭ |
| માર્ચ-૨૦૦૪ | ૬,૩૪,૧૨૦ | ૩,૩૪,૦૯૯ | ૫૨.૬૯ |

ઉપરોક્ત આંકડાઓ જોતાં ખ્યાલ આવશે કે ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં સરેરાશ **૬,૩૬,૪૯૪** વિદ્યાર્થીઓએ એસ.એસ.સી.ની પરીક્ષા આપી છે. જેમાંથી સરેરાશ **૫૦.૮૫** % વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. દર વર્ષે પચાસ ટકા જેટલા વિદ્યાર્થીઓ નાપાસ થાય તે કોઇ પણ સમાજને પોષાય નહીં.

ગુજરાતમાં કર્મયોગી અભિયાન દ્વારા વિવિધ ક્ષેત્રે ગુણવત્તા વધારવાની ઝુંબેશ ચાલી રહી છે ત્યારે તેમાંથી શિક્ષણક્ષેત્ર કેવી રીતે બાકાત રહી શકે? મા.શિ.બોર્ડ દ્વારા શિક્ષણની ગુણવત્તા વધારવા વિવિધ પ્રકારના પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે. મા.શિ.બોર્ડે પરીક્ષા સુધારણા માટે પણ વિવિધ અભિગમો સાથે અનેક પ્રયત્નો કર્યા છે. પરીક્ષા યોગ્ય વાતાવરણમાં લેવાય તેટલું જ પૂરતું નથી. પરંતુ પરીક્ષામાં વધુ વિદ્યાર્થીઓ વધુ સફળતા મેળવે તેવા પ્રયત્નો પણ બોર્ડ કરી રહ્યું છે.

**વિષયનો ઉદ્‌ભવ :**

માર્ચ-૨૦૦૪ ની ધો. ૧૦ નું પરિણામ જાહેર કરવામાં આવ્યું તેમાં સમાજવિદ્યાનું પરિણામ નીચે મુજબ હતું.

| વિષય | નોંધાયેલ સંખ્યા | બેઠેલ સખ્યા | પાસ | ટકા |
|---|---|---|---|---|
| સમાજવિદ્યા | ૬૦૯૨૯૫ | ૫૯૭૦૬૨ | ૩૨૧૭૫૬ | ૫૩.૮૯ |

સમાજવિદ્યા વિષયમાં ૪૬.૧૧ ટકા વિદ્યાર્થીઓ નાપાસ થાય તે શિક્ષણહિત ચિંતકો માટે આઘાત જનક હતું. જેની ચર્ચા મા.શિ.બોર્ડના ચેરમેનશ્રી અને શિક્ષણ-સંશોધન અધિકારીશ્રી એ કરી. આ અંગેની ચર્ચા અને ચિંતા બોર્ડના સભ્યો તેમજ શિક્ષણવિદ્દો દ્વારા પણ થવા લાગી. આ માટે રાજ્ય સરકાર પણ ચિંતિત હતી. જેની નોંધ પ્રચાર માધ્યમોએ પણ લીધી હતી.. છેલ્લા કેટલાક વર્ષોથી સમાજવિદ્યાનું પરિણામ નીચું આવવાનો મુદો ખૂબ જ ચર્ચાવા લાગ્યો. ત્યારે સૌ એક જ મત પર આવતાં હતાં કે સમાજવિદ્યામાં ઓછું પરિણામ આવવાનાં કારણો જાણવા માટે ચોક્કસ પ્રયત્નો કરવા જોઈએ. જેની ચર્ચા મા.શિ.બોર્ડની શૈક્ષણિક સમિતિ તેમજ કારોબારી સમિતિમાં પણ થઇ. આ ચિંતાને લઈને મા.શિ.બોર્ડે નક્કી કર્યું કે ધો.૧૦ ની માર્ચ-૨૦૦૪માં લેવાયેલ પરીક્ષામાં સમાજવિદ્યા વિષયમાં ૩૦ % થી ઓછું પરિણામ લાવનાર વિદ્યાર્થીઓને પ્રશ્નપત્રમાં શું આવડે છે અને શું નથી આવડતું ? આવા વિદ્યાર્થીઓ જવાબ કેવા અને કેવી રીતે લખે છે? તેમને કઇ બાબતોમાં મુશ્કેલી પડે છે ? વગેરે અંગેનું સંશોધન સમયમર્યાદામાં કરીને તેના તારણો દરેક શાળા સુધી પહોંચાડવા જોઈએ.

**હેતુઓ :**

- માર્ચ ૨૦૦૪ માં ધો.૧૦ ની બોર્ડની પરીક્ષામાં સમાજવિદ્યા વિષયમાં ૩૦ ગુણથી ઓછા ગુણ મેળવનાર વિદ્યાર્થીની જવાબવહીનો અભ્યાસ કરવો
- માર્ચ ૨૦૦૪ માં ધો.૧૦ ની બોર્ડની પરીક્ષામાં સમાજવિદ્યામાં ૩૦ ગુણથી ઓછા ગુણ મેળવનાર વિદ્યાર્થીઓ લેખનમાં કઇ ભૂલો કરે છે તે નક્કી કરવું.
- માર્ચ ૨૦૦૪ માં ધો.૧૦ ની બોર્ડની પરીક્ષામાં સમાજવિદ્યામાં ૩૦ ગુણથી ઓછા ગુણ મેળવનાર વિદ્યાર્થીઓ કયા જવાબો સાચા લખી શકે છે તે નક્કી કરવું
- મળેલ તારણોને આધારે ઉપાયો સૂચવવા.

**વ્યાપવિશ્વ** : માર્ચ - ૨૦૦૪ એસ.એસ.સી. ની પરીક્ષા આપેલ વિદ્યાર્થીઓની સમાજવિદ્યા વિષયની જવાબવહીઓ

**નમૂનો** : સમાજવિદ્યા વિષયમાં ૩૦ ગુણથી ઓછા ગુણ હોય તેવી ૫૦૦ જવાબવહીઓ યાદચ્છિક રીતે પસંદ કરવામાં આવી હતી.

**વિષયનું મહત્ત્વ :**

મા.શિ.બોર્ડ દ્વારા આવા પ્રકારનું આ સૌ પ્રથમ સંશોધન છે. ગુજરાતમાં શિક્ષણ ગુણવત્તા વધરાવાના અનેક પ્રયત્નો થઇ રહ્યાં છે. બોર્ડની જાહેર પરીક્ષાઓ પણ શિક્ષણમાંના અનેક પાસાંઓમાંનું અગત્યનું પાસું છે. આવી જાહેર પરીક્ષાનું પરિણામ ઊંચું આવે તે માટેના સાચી દિશાના પ્રયત્નો કરવા જરૂરી બની જાય છે, તે માટે પરિણામ નીચું આવવાના કારણો જાણવા અત્યંત આવશ્યક છે. એવાં કયાં પરિબળો છે કે જેના કારણે તેમનું પરિણામ નીચું આવે છે?

મળેલ કારણોને આધારે વિદ્યાર્થીઓનું પરિણામ ઊંચું લાવવા માટેના પ્રયત્નોને સાચી દિશા મળશે. શિક્ષકો અને વાલીઓ દ્વારા વિદ્યાર્થીને મળતા માર્ગદર્શનની ગુણવત્તામાં વધારો થશે.

વિદ્યાર્થીઓને પણ ખ્યાલ આવશે કે નાપાસ થનાર વિદ્યાર્થીઓ કેવા પ્રકારની ભૂલો કરે છે? પરિણામ સ્વરૂપ આવા વિદ્યાર્થીઓમાં ભૂલોનું પ્રમાણ ઘટશે.

શિક્ષકો જાણશે કે ૩૦ %થી ઓછું પરિણામ લાવનાર વિદ્યાર્થીઓ મહદઅંશે કઇ ભૂલો કરે છે. પાઠયપુસ્તકના કયા વિષયવસ્તુમાં વિદ્યાર્થીઓને વધુ પ્રમાણમાં મુશ્કેલી પડે છે , જેને આધારે તેઓ વર્ગખંડ શિક્ષણ દરમિયાન અધ્યાપન કરતી વખતે ચોક્કસ બાબતો પર વધુ ધ્યાન આપશે, વિવિધ પ્રયુક્તિઓનો ઉપયોગ કરશે.

સંશોધનને આધારે એ પણ જાણી શકાશે કે વિદ્યાર્થીઓને કયું વિષયવસ્તુ સરળતાથી યાદ રહે છે અને કયું વિષયવસ્તુ સરળતાથી યાદ રહેતું નથી. જેના આધારે દઢિકરણ અને મહાવરો કરવામાં સાચી દિશા સાંપડશે.

સંશોધનના કારણો અને તારણો મા.શિ.બોર્ડને પરિણામ સુધારણા માટેના કાર્યક્રમોમાં મદદરૂપ થશે. બોર્ડની ધો.૧૦ ની પરીક્ષાનું પરિણામ ઊંચું લાવવા માટેના સઘન, સરળ અને સુસ્પષ્ટ પ્રયત્નો કરવામાં શિક્ષકો, આચાર્યો, વિદ્યાર્થીઓ, વાલી અને મા.શિ.બોર્ડને દિશા પ્રાપ્ત થશે.

**કાર્યપદ્ધતિ :**

આ સંશોધનનું એક આગવું મહત્ત્વ હતું. જેથી સંશોધન ઉચ્ચ ગુણવત્તાયુક્ત બને તે માટે ગુજરાતમાંથી કેટલાંક સંશોધન નિષ્ણાતોના અભિપ્રાયો અને માર્ગદર્શન મેળવવાનું પણ વિચારવામાં આવ્યું. જેના અનુસંધાનમાં મા.શિ.બોર્ડના સમિતિખંડમાં તા.૨૪/૧૦/૨૦૦૪ ને રવિવારના રોજ મા.શિ.બોર્ડના અધ્યક્ષશ્રી એચ.એન.હિંગુ સાહેબની અધ્યક્ષતા નીચે એક મિટીંગનું આયોજન કરવામાં આવ્યું. એમ.એસ.યુનિવર્સિટી-વડોદરાથી ડૉ. રમેશ કોઠારી, ભાવનગર યુનિવર્સિટીમાંથી ડૉ. ભોગાયતા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી-રાજકોટથી ડૉ. ઉચાટ, ગુજરાત યુનિવર્સિટી-અમદાવાદથી ડૉ. આર.ડી. મૂળીયા અને ડૉ.અશોક પટેલ ઉપસ્થિત રહ્યા હતાં. મિટિંગમાં ચર્ચાના અંતે એવું નક્કી થયું કે, દરેક વિષયની ૧૫૦૦ જવાબવહીઓનો શિક્ષકો દ્વારા જ અભ્યાસ કરાવવામાં આવે. આ શિક્ષકોને સંશોધન માટેનું જરૂરી માર્ગદર્શન પણ આપવું. થતાં કામનું સતત મૂલ્યાંકન પણ કરતાં રહેવું.

મા.શિ.બોર્ડના સમિતિખંડમાં મળેલ નિષ્ણાતોના સૂચનને આધારે તા.૭/૧૧/૨૦૦૪ થી તા.૯/૧૧/૨૦૦૪ દરમિયાન પ્રેક્ષાભારતી-કોબા જિ.ગાંધીનગર મુકામે ત્રણ દિવસ દરમિયાન ૪૫ શિક્ષકો દ્વારા જવાબવહીનો અભ્યાસ કરાવવામાં આવ્યો. જેમાં સૌ પ્રથમ શિક્ષકોને સંશોધન વિષય અને તેની અગત્યતાથી પરિચિત કર્યા.ત્યારબાદ કયું કાર્ય, કેવી રીતે કરવાનું છે તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું. શિક્ષકોના અભિપ્રાયો પણ મેળવ્યા. ત્યારબાદ વિષય અને પ્રશ્નપત્રના પ્રશ્ન પ્રમાણે પાંચ-પાંચ શિક્ષકોના જૂથ બનાવ્યાં. દરેક જૂથમાંથી દરેક શિક્ષકે જવાબવહીના એક જ પ્રશ્નનો અભ્યાસ કરવાનો હતો. દરેક જૂથને ત્રણ-ત્રણ જવાબવહી આપી અને કાર્ય શરૂ કરાવ્યું. થોડા સમય બાદ તમામ શિક્ષકોને એકઠા કર્યા અને તેમના અનુભવ અને કાર્ય રચનાની મુશ્કેલીની ચર્ચા કરી. જેના આધારે કાર્ય પદ્ધતિમાં જરૂરી ફેરફાર કરીને તમામ જવાબવહીઓ શિક્ષકોને સોંપી દીધી. શિક્ષકોએ દરેક જવાબવહીમાં વિદ્યાર્થીઓ ક્યાં અને

કેવી ભૂલો કરે છે તે શોધવાનું શરૂ કર્યું. મળેલી ભૂલોનું આવૃત્તિ વિતરણ બીજા દિવસે બનાવવામાં આવ્યું. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ કરેલી ભૂલોના આધારે કેટલાક શિક્ષકોએ કેટલાક ઉપાયો પણ સૂચવ્યા.

## માહિતીનું અર્થઘટન અને પૃથક્કરણ :

આ વિષયની જવાબવહી તપાસતાં જાણવા મળેલ કે,

- વિદ્યાર્થીઓને સમાજવિદ્યામાં ઇતિહાસ વિષય સૌથી અઘરો પડે છે. ત્યારબાદ ના.શા., અર્થશાસ્ત્ર. ભૂગોળ પ્રમાણમાં સરળ લાગે છે.મોટા ભાગના વિદ્યાર્થીઓના અક્ષર વાંચવામાં મુશ્કેલી પડે તેવા છે. ઇતિહાસમાં સૌથી અઘરા પ્રશ્નો અનાત્મલક્ષી પ્રકારના પ્રશ્નો લાગ્યા. ત્યારબાદ સવિસ્તાર ઉત્તર આપો, કારણો અને છેલ્લે ટૂંકનોંધ.ભૂગોળમાં નકશાપૂર્તિનો પ્રશ્ન સૌથી વધારે અઘરો લાગ્યો. આમ તો, ઇતિહાસમાં અઘરા પ્રશ્ન માટે જે સ્વરૂપનો ઉલ્લેખ કરેલ છે તે ના.શા., અર્થશાસ્ત્ર અને ભૂગોળને પંણ લાગુ પડે છે.

| **પ્રશ્ન : ૧ (૧) ખાલીજગ્યા પૂરો** | | |
|---|---|---|
| **ભૂલોનું પ્રમાણ** | **ભૂલોનો પ્રકાર/વિશેષ નોંધ** | **ઉપાય** |
| ૬૦ % વિદ્યાર્થીઓની ખાલી જગ્યા ખોટી<br>૧૫ % વિદ્યાર્થીઓની સાચી<br>૧૬ % વિદ્યાર્થીઓની એક સાચી | - ખાલીજગ્યામાં કેટલાંક વિદ્યાર્થી જવાબ માટે જગ્યા ખાલી રાખે છે, પછી લખતા નથી. | પાઠ્યપુસ્તકનું સઘન વાંચન કરાવવું.-પાઠ્યપુસ્તકમાં જ અગત્યની બાબતો નીચે લીટી દોરાવવી.-વર્ગમાં વિદ્યાર્થીઓના બેત્રણ જૂથ બનાવવા. એકબીજા જૂથને વિદ્યાર્થીઓ પ્રશ્નો પૂછે અને જવાબ આપે તે માટેની રમત રમાડવી.-ઐતિહાસિક પાત્રો ના ચાર્ટ-ચિત્ર વર્ગમાં રાખવા.-પુનરાર્વન-મહાવરો-દઢિકરણ કરાવવું |
| **(૨) જોડકાં અને સમયરેખા** | | |
| જોડકાં.........<br>૪૭ % એ ખોટાં લખ્યા છે.<br>૨૪ % ને અડધા સાચાં છે.<br>સમયરેખા.........<br>૯૯ % ને સમયરેખામાં માર્કસ મળ્યાં નથી. | - વિદ્યાર્થીઓ જોડકાંના જવાબ સાચા આપી શકે છે. પરંતુ સમયરેખા દોરવામાં મુશ્કેલી પડે છે. | - પ્રમાણમાપ કેવી રીતે લેવું અને કેટલું લેવું તેની પૂરતી સમજ ઉદાહરણો લઈને આપો. પછી મહાવરો કરાવો.<br>- સમયરેખામાં જવાબવહીની લીટીને જ એકમ તરીકે સ્વીકારી શકાય. |
| **(બ) ઐતિહાસિક કારણો (ત્રણ)** | | |
| ૧૯ % ને બધાં સાચાં<br>૪૫ % ને બધાં ખોટાં<br>૧૩ % એ લખ્યાં જ નથી | - અક્ષરો અવાચ્ય<br>- અધૂરા જવાબ<br>- માગયાં કરતાં જુદો જ જવાબ લખે<br>- વાક્યરચના ખોટી | કાર્યકારણનો સંબંધ તાર્કિક રીતે સ્વપ્રયત્ને તારવે તેવા ઉપાયો અને પ્રોત્સાહન આપવું.-વર્ગમાં અધ્યાપન દરમિયાન વિદ્યાર્થી સાથે ચર્ચા કરવી.-જવાબો સરળ ભાષામાં વર્ગમાં જ બોલાવો, સાંભળો.-જૂથચર્ચા કરાવો- |
| **(ક) વિધાનો સમજાવો (બે)** | | |
| ૫૯ % ને બંને ખોટાં<br>૨૫ % એ લખ્યાં જ નથી. | - અસંદિગ્ધ લખાણ | - વર્ગમાં ચર્ચા કરો ત્યારે સંદર્ભ સાથે કરો.-પાઠ્યપુસ્તક સંદર્ભ સાથે |

| | | |
|---|---|---|
| | - વાક્યરચના ખોટી<br>- શરૂઆત સાચી અડધેથી ખોટું | કરો.-પાઠ્યપુસ્તક સંદર્ભે સાથે વાંચે.-દસ પંદર દિવસે એક તાસમાં આવા વિધાનો તમે બોલો અને વિદ્યાર્થીઓ પાસેથી સમજ માંગો. |
| **(ડ) ટૂંકનોંધ (બે)** | | |
| ૨૦ % ને બંને સાચી<br>૨૩ % ને બંને ખોટી<br>૪૩ % લખી જ નથી. | - અક્ષર અવાચ્ય હોવાથી લખ્યું હોય તો પણ ગુણ મળતાં નથી<br>- લખાણમાં અસંદિગ્ધતા<br>- જરૂરી બધાં મુદ્દા નથી | વાર્તા પદ્ધતિનો ઉપયોગ કરીને ચર્ચા કરો.-સરળ ભાષાનો ઉપયોગ કરો. -અઘરા મુદ્દા ન આવડે તો વધુ આગ્રહ ન રાખતાં સરળ મુદ્દા તૈયાર કરાવો-વર્ગમાં બોલાવો-લખવાનો મહાવરો કરાવો |
| **પ્રશ્ન : ૨ (અ) (૧) એક-બે વાક્યમાં જવાબ આપો. (છ)(ઈતિહાસ)** | | |
| ૧૬ % એ ઉત્તર લખ્યા નથી<br>૧૬ % એ અન્ય જવાબ લખ્યો છે.<br>૧૬ % એ માત્ર પ્રશ્નો જ લખ્યા છે. | - ઘણીવાર પ્રશ્નને સમજ્યા વગર ગમે તે જવાબ લખે છે<br>- પ્રદેશ/વ્યકિત/સ્થળ/ વર્ષ વગેરે યાદ રાખી શકતા નથી. | પાઠ્યપુસ્તકને આધારે ખૂબ જ અગત્યના પ્રશ્નો બનાવો. -વર્ગમાં ક્વીઝ પ્રોગ્રામનું વારંવાર આયોજન કરો- -વારંવાર મહાવરો કરાવો.-દિવાલ પર જવાબ લખેલા ચાર્ટસ કે કાગળ લગાડો. |
| **(૨) સંકલ્પના સમજાવો. (બે) (ઈતિહાસ)** | | |
| ૧૦ % એ લખી જ નથી<br>૧૨ % એ ખોટી લખી છે.<br>૭૦ % બંને સાચી લખી છે. | - સંકલ્પનાનો પ્રશ્ન વિદ્યાર્થીઓને થોડો સરળ લાગે છે. જેથી આવા પ્રશ્ન ખાસ તૈયાર કરાવવા. | વિદ્યાર્થીઓ માંગેલી સંકલ્પના અવશ્ય લખે. તેવું પ્રોત્સાહન આપો-સંકલ્પના પોતાની સરળ ભાષામાં આપો અને તે પ્રમાણે વર્ગમાં બોલાવો. |
| **(બ) સવિસ્તાર ઉત્તર આપો. (ત્રણ) (ઈતિહાસ)** | | |
| ૩૦ % નો ખોટો જવાબ<br>૧૮ % એ લખ્યા જ નથી<br>૮ % માત્ર પ્રશ્નો જ લખ્યા છે | - જવાબ પૂરો લખતા નથી.<br>- લખાણમાં એકસૂત્રતાનો અભાવ<br>- જરૂર હોય ત્યાં પણ મુદ્દામાં લખતા નથી. | -વર્ગમાં જૂથચર્ચા ગોઠવવી-અધ્યાપનમાં વાર્તા પદ્ધતિનો ઉપયોગ-પુનરાવર્તન-મહાવરો કરાવો-અધ્યાપન દરમિયાન વિદ્યાર્થીને બોલવાની તક વધુ આપો.-જરૂર હોય ત્યાં દુનિયાના નકશાનો ઉપયોગ અવશ્ય કરવો. |
| **(ક) કારણો આપો. (બે) (ના.શા.)** | | |
| ૧૦ % તદ્દન ખોટા જવાબ<br>૨૦ % અન્ય જવાબ<br>૧૮ % માત્ર પ્રશ્ન જ લખ્યા | - ઘણાં વિદ્યાર્થીઓ સાચો જવાબ આપી શકે છે.<br>- કારણ શું પૂછયું છે તે સમજતા નથી.<br>- અધૂરો જવાબ લખે છે.<br>- | ઈતિહાસમાં કારણો માટે આપેલા ઉપાયો પ્રમાણે કાર્ય કરવું |
| **(ડ) ટૂંકનોંધ ( એક) (ના.શા.)** | | |
| ૬૦ % ના જવાબ સાચા | -ઈતિહાસ કરતાં ના.શા. સારું | ઈતિહાસમાં ટૂંકનોંધ માટે આપેલા ઉપાયો |

| | | |
|---|---|---|
| ૧૧ % લખતા નથી.<br>૧૦ % અન્ય ટૂંકનોંધ લખી | લખી શકે છે.-આંતરરાષ્ટ્રીય ખ્યાલો કરતાં પ્રદૂષણ એકમ અઘરો લાગે છે | પ્રમાણે કાર્ય કરવું |
| **પ્રશ્ન : ૩ (અ) એક-બે વાક્યમાં જવાબ આપો. (ચાર) (ના.શા)** | | |
| ૧૦ % લખતા જ નથી<br>૨૦ % અન્ય જવાબ<br>૧૨ % ભળતો ખોટો જવાબ | - ૫૦ % જેટલા વિદ્યાર્થીને ગુણ મળતા નથી. પર્યાવરણમાં ૪૦ %, ગ્રીનહાઉસમાં ૧૩ %, ભારત-યુનિસેફમાં ૩૩ % વિદ્યાર્થીઓ જવાબ આપી શકયા નથી. | - પ્રશ્નની સમજ ઉદાહરણ સહિત આપવી.-સરળ ભાષાનો પ્રયોગ કરવો<br>- ચોક્કસ શબ્દોની સંકલ્પના સ્પષ્ટ કરવી.-ક્વીઝ પ્રોગ્રામ રાખવો.-જૂથમાં પ્રશ્નોત્તરી રાખવી-લઘુકસોટી લેવી |
| **(બ) સવિસ્તાર ઉત્તર લખો. (ના.શા)** | | |
| પ્રશ્ન પ્રમાણે ખોટા જવાબ...<br>પંચશીલના સિદ્ધાંતો ૨૨ %<br>બાંગ્લાદેશનું સર્જન ૩૨ %<br>બિનજોડાણવાદ અર્થ ૧૪ %<br>વનીકરણનો ઉદ્દેશ ૨૫ % | - મોટાભાગના વિદ્યાર્થીએ જવાબ ખોટા લખ્યા છે.<br>- અધૂરા જવાબ લખનાર વિદ્યાર્થીની સંખ્યા પણ ઘણી છે. | - એકમ પ્રમાણે અધ્યપન પદ્ધતિ બદલો<br>- વર્ગમાં જૂથચર્ચા કરાવો<br>- વિદ્યાર્થીને બોલવાની તક આપો<br>- પુનરાર્વન-મહાવરો<br>- જરૂરી શબ્દોની સમજ આપવી. |
| **(ક) સંકલ્પના (અર્થશાસ્ત્ર)** | | |
| ૨૦ % એ લખી નથી. | ગોખેલી યાદ કરીને લખવાનો પ્રયત્ન કરે છે. જેથી કોઈ શબ્દ ભૂલી જાય તો આગળ લખી શકતો નથી | શબ્દોની સંકલ્પના ગોખાવવી નહીં, પરંતુ સમજાવવી.-મૂળ સંકલ્પના સમજાવવા ઉપયોગમાં આવતાં શબ્દોની સંકલ્પના પહેલાં સમજાવો.-<br>સમયાંતરે પુનરાવર્તન કરાવો-લેખનનો મહાવરો આપવો |
| **(ડ) એક બે વાક્યમાં ઉત્તર આપો. (અર્થશાસ્ત્ર)** | | |
| - ૨૦ % લખતા નથી<br>- ૩૫ % જેટલા ખોટો જવાબ લખે છે. | - ઇતિહાસ કરતાં અર્થશાસ્ત્રના ટૂકાં જવાબો થોડા વધુ પ્રમાણમાં લખી શકે છે.<br>- ઘણીવાર પ્રશ્નને સમજ્યા વગર ગમે તે જવાબ લખે છે | ઇતિહાસમાં એક બે વાક્યમાં જવાબ આપો માટે આપેલા ઉપાયો પ્રમાણે કાર્ય કરવું |
| **પ્રશ્ન : ૪ (અ) કારણો લખો (ત્રણ) (અર્થશાસ્ત્ર)** | | |
| ૨૭ % પ્રયત્ન કર્યો નથી<br>૨૩ % પ્રશ્ન સમજ્યા નથી<br>૧૮ % વિષયવસ્તુ ખોટું | - કાર્યકારણનો સંબંધ સ્થાપી શકતા નથી | કાર્યકારંનો સંબંધ સ્થાપવા તર્ક કરાવો-વિષયવસ્તુ સરળભાષામાં આપવી-વધુમાં વધુ ઉદાહરણો આપો-મૌખિક-લેખિત મહાવરો/કસોટી-વર્ગમાં જૂથચર્ચા |

| | | |
|---|---|---|
| **(બ) (૧) ખાલીજગ્યા પૂરો (બે જ ખાલીજગ્યા હોય છે.) (ભૂગોળ)** | | |
| ૧૯ % એ લખી નથી<br>૨૯ % એ ખોટી લખી છે | - આ વિભાગમાં ૫૦ % વિદ્યાર્થીને ગુણ મળતા નથી | ઇતિહાસમાં ખાલીજગ્યા પૂરો માટે આપેલા ઉપાયો પ્રમાણે કાર્ય કરવું |
| **(૨) ટૂંકનોંધ (એક) (ભૂગોળ)** | | |
| ૩૨ % પ્રયત્ન કરેલ નથી<br>૨૭ % અન્ય જવાબ<br>૨૬ % આંકડાકીય માહિતીનો અભાવ | - ઇતિહાસ અને ના.શા. કરતાં ભૂગોળની ટૂંકનોંધ સરળ પડે છે. | સરળ ભાષાનો ઉપયોગ કરો. -વર્ગમાં બોલાવો-જૂથકાર્ય કરાવો-લખવાનો મહાવરો કરાવો<br>-ચાર્ટ, નકશા,મોડેલનો ઉપયોગ |
| **(ક) એક-બે વાક્યમાં જવાબ આપો. (પાંચ ) (ભૂગોળ)** | | |
| ૧૬ % લખ્યા જ નથી<br>૫૦ % એક જ જવાબ સાચો<br>30 % બે જવાબ સાચા | - ઇતિહાસ, ના.શા. કરતાં ભૂગોળના ટૂંકા પ્રશ્ન સાચા લખી શકે છે.<br>- કેટલાંક વિદ્યાર્થી અધૂરા જવાબ લખે છે. | -પાઠ્યપુસ્તકમાં અગત્યની બાબતો નીચે લીટી દોરાવવી-યાદ રહે તે માટે અનુસંધાન સ્થાપવું-.-ક્વીઝ પ્રોગ્રામ રાખવો.-જૂથમાં પ્રશ્નોત્તરી રાખવી-લઘુકસોટી લેવી-પુનરાવર્તન-મહાવરો |
| **(ડ) સંકલ્પના (ચાર) (ભૂગોળ)** | | |
| ૨૦ % પ્રયત્ન કરતા નથી<br>૨૯ % અશંત: પ્રયત્ન<br>૨૭ % શબ્દના અર્થની અસમજ | વિદ્યાર્થી શબ્દનો અર્થ ગોખે છે, | - સમજ આપવા ચાર્ટ,ચિત્રો,નકશાનો ઉપયોગ-શબ્દોના અર્થ સ્પષ્ટ કરવા-ઉદાહરણોની મદદ લેવી-વર્ગમાં જવાબ બોલાવવા અને પછી લખાવવા |
| **પ્રશ્ન-૫ (અ) સવિસ્તાર ઉત્તર આપો (ચાર) (ભૂગોળ)** | | |
| ૫૦ % ને માહિતીનો અભાવ<br>૪૫ % જંગલોની માહિતીનો અભાવ<br>૨૨ % કાપડ ઉદ્યોગની માહિતીનો અભાવ<br>૨૦ % ને ખનીજોના પ્રકારની અજ્ઞાનતા<br>૧૬ % ને કૃષિનું મહત્ત્વ ખબર નથી | વિદ્યાર્થીઓ સવિસ્તાર ઉત્તર અધૂરા લખે છે. આમ છતાં ઈતિહાસ અને ના.શા. કરતાં આ વિભાગ સહેલો લાગે છે. | શૈ.સાધનોનો ઉપયોગ કરવો-અધ્યાપન દરમિયાન નકશા દ્વારા પ્રાકૃતિક રચનાને આધાર બનાવી શીખવવું -વર્ગમાં ચર્ચા-મૌખિક,લેખિત કસોટી |
| **(બ) કારણો આપો. (ચાર) (ભૂગોળ)** | | |
| નીચેના કારણો નીચે પ્રમાણે આવડયા નહોતા<br>- ૩૫ % ને કાવેરી નદીને દક્ષિણની ગંગા કહે છે<br>- 30 % મુંબઇકરતાં નાગપુરમાં શિયાળામાં તાપમાન નીચું<br>- ૨૦ % ભારતમાં કુદરતી ખાતરની અછત<br>- ૧૮ % પંજાબમાં ગરમ કાપડનો ઉદ્યોગ<br>- ૧૪ % ભારત પુન:નિકાસ વેપાર કરે છે | | કાર્યકારણનો સંબંધ સ્થપાવો- પ્રાકૃતિક નકશાનો ઉપયોગ-ચાર્ટ,ચિત્રોનો ઉપયોગ, -જૂથચર્ચા-પુનરાવર્તન-મૌખિક,લેખિત મહાવરો- |
| **(ક) નકશાપૂર્તિ** | | |
| ૪૦ % નકશો ખોટો પૂરે છે.<br>૫ % નકશો પૂરતાં જ નથી<br>૧૨% અધૂરી વીગત પૂરે છે. | - આપેલ વીગતનું ચોક્કસ સ્થાન નક્કી કરી શકતાં નથી.<br>- કયું સ્થળ કઈ બાજુ આવ્યું તેના ખ્યાલનો અભાવ | વિદ્યાર્થીને નકશામાં જાતે સ્થાન શોધાવવું, પછી જ પૂરાવવું-સ્થાન નક્કી કરવા નકશાની હદરેખાના વળાંકને ધ્યાનમાં રાખી શકાય -વર્ગમાં નકશામાં સ્થળ દર્શાવોની રમત રમાડી શકાય |

ઉપરોક્ત તારણોને આધારે નીચેની બાબતો પર વિશેષ ધ્યાન આપવું જોઈએ.

- તમારા અનુભવ અને બોર્ડના પ્રશ્નપત્રોને આધારે દરેક સ્વરૂપના પ્રશ્નો તમારી જાતે નક્કી કરો. જેની યાદી શક્ય તેટલી ઓછી રાખવી જેથી કામ થઈ શકે. તે પ્રશ્નોને આધારે પ્રશ્નપત્ર તૈયાર કરો વારંવાર -પૂછો-લખાવો-કસોટી લો
- કસોટી એકાએક ન લેવી, અગાઉથી જાણ તો કરીશું જ પણ સાથે અગાઉથી પ્રશ્નપત્ર પણ આપી દેવું અને તેજ પ્રશ્નપત્રની કસોટી લેવી (જેથી વિદ્યાર્થી વધુગુણ લાવવા ઘેરથી તૈયાર કરીને લાવશે જ). આ રીતે અગાઉથી પ્રશ્નપત્ર આપીને જ કસોટી લેવી. કસોટી વર્ગમાં પણ તૈયાર કરાવી શકાય.
- ઉપર જવાબવહીના આધારે તારવેલા તારણોને આધારે નક્કી કરો કે કઇ બાબત વિદ્યાર્થીને સરળ પડે છે. કઇ બાબતમાં માર્કસ મેળવી શકે છે. તેવી બાબતો ખાસ તૈયાર કરાવો.
- ઇતિહાસમાં પાત્રોના નામ, વ્યક્તિ અને શોધ, ભૂગોળમાં સ્થાનના નામ માટે વર્ગમાં ચાર્ટ,ચિત્રો ટીંગાળેલા રાખો. આવી બાબતોને ચોક્કસ બાબતો સાથે જોડશો તો સરળતાથી યાદ રહેશે.
- નબળા વિદ્યાર્થીને વારંવાર પ્રોત્સાહન આપો. તેમના સાચા જવાબોને વર્ગમાં પ્રદર્શિત કરી શકાય.
- એક-બે વાક્યમાં જવાબ આપો અને ખાલી જગ્યામાં ખૂબ જ ભૂલો કરે છે. તેના ઉપાય તરીકે વર્ગમાં વારંવાર જૂથચર્ચા કરો, ક્વીઝ પ્રોગ્રામનું આયોજન કરો અને બાળકોના જૂથ બનાવો દરેક જૂથ એકબીજા જૂથને પ્રશ્નપૂછે. જૂથને પોઇન્ટ આપવાનું રાખો. રમતાં રમતાં ઘણું જ શીખશે. આ ઉપરાંત નામ, સ્થળ જેવી બાબતોને ચોક્કસ બાબતો સાથે જોડશો તો સરંતાથી યાદ રહેશે.
- આપેલ કાર્યની યોગ્ય રીતે નિયમિત ચકાસણી કરશો તો જ પરિણામ મળશે.
- ભૂગોળ શીખવવા પ્રાકૃતિક નકશાનો આધાર લો.
- શીખવતી વખતે વર્ગમાં વિદ્યાર્થી સાથે ચર્ચા જેટલી વધુ તેટલું પરિણામ વધુ.
- ઇતિહાસને વાર્તા તરીકે જ શીખવો.
- નકશામાં વીગતો સીધી દર્શાવ્યાં કરતાં તેને શોધવા દો.